For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### સંઘનું પીઠબળ કે સંગઠનનો સપોર્ટ? વડોદરાના નવા મેયર બનવા માટે કોનું પલ્લું છે ભારે

# વડોદરાના મેયર પદ માટે ત્રિકોણીય જંગ
# વાઘેલા, ડાભી કે પરમાર, કોન બનશે પ્રથમ નાગરિક?

(પ્રતિનિધિ) વડોદરા તા.29

વડોદરા સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપના ભવ્ય વિજય બાદ હવે શહેરના પ્રથમ નાગરિક એટલે કે 'મેયર' પદ માટેની રેસ તેજ બની છે. આ વખતે મેયરનું પદ અનુસૂચિત જાતિ માટે અનામત હોવાથી ભાજપના ત્રણ દિગ્ગજ ચહેરાઓ મેદાનમાં છે. વડોદરાના રાજકીય વર્તુળોમાં અત્યારે ચેતન પરમાર, અજય ડાભી અને સમીર વાઘેલાના નામો સૌથી વધુ ચર્ચાઈ રહ્યા છે.

વોર્ડ નંબર 12માંથી વિજેતા બનેલા સમીર વાઘેલા મેયર પદ માટે સૌથી મજબૂત દાવેદાર મનાય છે. તેઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પૂર્વ સંઘ ચાલકના નજીકના ગણાય છે, જે ભાજપમાં પસંદગી માટે ખૂબ મહત્વનું પાસું છે. તેઓ પૂર્વ સાંસદ અને પૂર્વ મંત્રી શંભુપ્રસાદ ટુંડિયાના પણ ખાસ વિશ્વાસુ છે. તેમની સાદગી અને સંગઠન સાથેની લાંબી સફર તેમને રેસમાં આગળ રાખે છે. વોર્ડ નંબર 8માંથી ચૂંટાયેલા અજય ડાભી પણ મેયરની રેસમાં જોરશોરથી આગળ વધી રહ્યા છે. પ્રદેશ સંગઠન સાથેના તેમના મજબૂત સંબંધો તેમની તરફેણમાં છે. હાલમાં તેઓ પ્રદેશ SC મોરચાના મંત્રી તરીકેની જવાબદારી સંભાળી રહ્યા છે, જેને કારણે તેમને પ્રદેશ નેતૃત્વનો સીધો ટેકો મળવાની શક્યતા છે. સંગઠનાત્મક કુશળતા અને યુવા નેતૃત્વ તેમની જમા પાસું છે. વોર્ડ નંબર 18માંથી જીતેલા ચેતન પરમાર પણ મેયરની ખુરશી માટે દાવો રજૂ કરી રહ્યા છે. તેઓ વડોદરાના પૂર્વ મેયર નિલેશ રાઠોડના અત્યંત નજીકના વ્યક્તિ માનવામાં આવે છે. સ્થાનિક લેવલે તેમનું નેટવર્ક ઘણું સારું છે અને પૂર્વ મેયરના માર્ગદર્શન હેઠળના તેમના કામના અનુભવને આધારે તેઓ પણ રેસમાં મક્કમતાથી ઊભા છે. હવે મોવડી મંડળ કોના નામ પર પસંદગીનો કળશ ઢોળે છે તે જોવું રહ્યું. શું સંઘના સમીર વાઘેલા બાજી મારી જશે કે પછી સંગઠનના અજય ડાભી કે અનુભવી ચેતન પરમાર વડોદરાના નવા મેયર બનશે, તેનો નિર્ણય હવે ગણતરીના દિવસોમાં સ્પષ્ટ થશે.




## ગરમીમાં આંશિક ઘટાડો : તાપમાન 40.2 ડીગ્રી નોંધાયું

(પ્રતિનિધિ) વડોદરા,તા.29

રાજ્યમાં હાલ અંગ દઝાડતી ગરમી પડી રહી છે. ઘણા શહેરોમાં તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચી ગયું છે. વડોદરામાં પણ હીટવેવનો અનુભવ થઈ રહ્યો છે. મંગળવારે શહેરનું મહત્તમ તાપમાન 40.2 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 27.6 ડીગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 75 ટકા અને સાંજે 25 ટકા નોંધાયું હતું. હાલ, રાજ્યમાં પડી રહેલી કાળઝાળ ગરમી વચ્ચે હવામાન નિષ્ણાંતોએ મોટી આગાહી કરી છે. જે મુજબ થોડા દિવસો ગરમીનો પ્રકોપ યથાવત્ રહેશે, પરંતુ મે મહિનામાં કુદરતનો અલગ જ મિજાજ જોવા મળી શકે છે. આગાહી મુજબ, 6થી 10 મે દરમિયાન રાજ્ય સહિત દેશભરના હવામાનમાં પલટો આવશે અને પ્રી-મોન્સૂન એક્ટિવિટી શરૂ થઈ શકે છે. જ્યારે 11થી 20 મે દરમિયાન રાજ્યમાં ભારે પવન અને વંટોળ ફૂંકાશે. આ ગાળા દરમિયાન વાવાઝોડા જેવો માહોલ સર્જાવાની શક્યતા છે.

### પાટીદાર સમાજના શૈક્ષણિક સંકુલથી મધ્ય ગુજરાતના વિદ્યાર્થીઓને મળશે નવી પાંખો

# 11મીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે 'સરદારધામ'નું લોકાર્પણ કરાશે

**વડાપ્રધાનના** પ્રવાસને લઈને ભાજપ સંગઠનમાં ભારે ઉત્સાહ

(પ્રતિનિધિ) વડોદરા તા.29

ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી 11 મેના રોજ વડોદરાની મુલાકાતે આવી રહ્યા છે. મધ્ય ગુજરાતના પાટીદાર સમાજ અને અન્ય વર્ગો માટે આ પ્રવાસ અત્યંત મહત્વનો સાબિત થવાનો છે, કારણ કે વડાપ્રધાન આ દિવસે વડોદરામાં નવનિર્મિત 'સરદારધામ' ભવનનું વિધિવત લોકાર્પણ કરશે. આ કાર્યક્રમને પગલે વડોદરા શહેર અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરાના આજવા રોડ પર સાકાર થયેલું આ સરદારધામ ભવન શૈક્ષણિક અને સામાજિક પ્રવૃત્તિઓનું મોટું કેન્દ્ર બનવા જઈ રહ્યું છે. પાટીદાર સમાજ દ્વારા નિર્મિત આ ભવનનો મુખ્ય હેતુ ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારના વિદ્યાર્થીઓને શહેરમાં રહેવા-જમવાની ઉત્તમ સુવિધા પૂરી પાડવાનો તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમને તૈયાર કરવાનો છે. વડાપ્રધાનના હસ્તે આ ભવનના લોકાર્પણથી મધ્ય ગુજરાતના હજારો વિદ્યાર્થીઓ અને યુવાનોને નવી દિશા મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

વડાપ્રધાનના આગમનને પગલે ભાજપ સંગઠન અને સ્થાનિક તંત્રમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કાર્યક્રમના આયોજન માટે ઉચ્ચ સ્તરીય બેઠકોનો દોર શરૂ થઈ ચૂક્યો છે. સુરક્ષા વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને પોલીસ વિભાગ દ્વારા અત્યારથી જ રિહર્સલ અને સ્થળ નિરીક્ષણની કામગીરી હાથ ધરવામાં આવી છે. 11 મેના રોજ વડોદરામાં એક વિશાળ જનસભાનું પણ આયોજન કરવામાં આવી શકે છે, જેમાં મધ્ય ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડશે.

ઉલ્લેખનીય છે કે, વડોદરા સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જૂનો અને અતૂટ નાતો રહ્યો છે. જ્યારે પણ તેઓ વડોદરાની મુલાકાતે આવે છે ત્યારે શહેરને વિકાસના કામોની ભેટ આપે છે. આ વખતે સરદારધામના લોકાર્પણ નિમિત્તે તેઓ સામાજિક સમરસતા અને યુવા સશક્તિકરણનો સંદેશ આપે તેવી શક્યતા છે. આ કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી, મંત્રીમંડળના સભ્યો તેમજ સામાજિક અગ્રણીઓ પણ વિશેષ ઉપસ્થિત રહેશે.

# સયાજી હોસ્પિટલમાં કોલ્ડરૂમમાં મહિલાનો મૃતદેહ કોહવાઈ ગયો

**અમેરિકાથી** આવેલા પુત્ર-પુત્રવધૂ માતાનો ચહેરો જોઈ ચોંકી ઉઠ્યા

**હોસ્પિટલ** તંત્રની ઘોર બેદરકારી સામે પરિવારનો ભારે હોબાળો



(પ્રતિનિધિ) વડોદરા. તા.29

વડોદરાની સૌથી મોટી સરકારી હોસ્પિટલમાં વહીવટી તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે, જેમાં મૃતદેહની સુરક્ષાને લઈ ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. સરદાર ભવન વિસ્તારના વ્યાસ પરિવારની 70 વર્ષીય રંજનબેન વ્યાસના મૃતદેહ સાથે થયેલી બેદરકારીએ સમગ્ર શહેરને હચમચાવી દીધું છે. પરિવારજનોએ મૃતદેહને કોલ્ડ રૂમમાં રાખ્યો હતો જેથી અમેરિકાથી સંતાનો આવી અંતિમ દર્શન કરી શકે, પરંતુ માત્ર 48 કલાકમાં જ દેહ ખરાબ હાલતમાં પહોંચી ગયો હતો.

આજે સવારે સંતાનો હોસ્પિટલ પહોંચ્યા ત્યારે મૃતદેહ વિકૃત હાલતમાં હતો, ચહેરો ઓળખી શકાય તેમ નહોતો અને રૂમમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ હતી. આ દ્રશ્ય જોઈને પુત્ર બેભાન થઈ ગયો હતો. એક સંતાન માટે આથી મોટી વ્યથા શું હોઈ શકે કે તે પોતાની માતાનો અંતિમ ચહેરો પણ ન જોઈ શકે. કોલ્ડ સ્ટોરેજની મશીનરી જૂની છે અને વારંવાર ખામી પેદા થાય છે, છતાં યોગ્ય દેખરેખ રાખવામાં આવી નહોતી. પરિવારજનોએ આ ઘટનાને માત્ર ટેકનિકલ ખામી નહીં, પરંતુ લાગણીઓનું ખૂન ગણાવી હોસ્પિટલ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. આ ઘટનાએ શહેરની આરોગ્ય વ્યવસ્થાની ગંભીર ખામીઓને બહાર પાડી છે અને હવે જવાબદાર સામે કડક પગલાં ભરાય છે કે નહીં તે જોવાનું રહ્યું.

### પોલીસના ડર અને મારથી કંટાળી યુવકે અગાસી પરથી મોતની છલાંગ લગાવી

# 'સાહેબ, માથામાં ઓપરેશન કરાવ્યું છે ન મારશો' પત્ની આજીજી છતાં પોલીસે લાકડીઓ ફટકારી

**પરિવારજનોએ** પોલીસ કર્મીઓને તાત્કાલિક સસ્પેન્ડ કરવાની માંગ સાથે વિરોધ નોંધાવ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.29

શહેરના અટલાદરા વિસ્તારમાં પોલીસની કથિત દાદાગીરી અને મારપીટના કારણે એક નિર્દોષ યુવકના મોતની હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. અટલાદરા પોલીસ સ્ટેશનના કર્મચારીઓ દ્વારા થયેલા શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળીને દિલીપ વસાવા નામના યુવકે પોતાના ઘરની અગાસી પરથી છલાંગ લગાવી આત્મહત્યા કરી લીધી હોવાનો આક્ષેપ પરિવારજનોએ કર્યો છે. ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે. મૃતકના પરિવારજનો દ્વારા પોલીસ પર મર્ડરનો આક્ષેપ કરી



ન્યાયની માંગ સાથે પોલીસ ભવન ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

મળતી માહિતી મુજબ, ગત રાત્રે દિલીપ વસાવા પોતાના ઘરની બહાર મિત્રો અને પરિવારજનો સાથે સામાન્ય બોલાચાલી કરી રહ્યો હતો. આ દરમિયાન કોઈ અજાણ્યા વ્યક્તિએ પોલીસને જાણ કરી હતી, જેના આધારે અટલાદરા પોલીસ સ્ટેશનની બે ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી. મૃતકની પત્ની પાયલ વસાવાના જણાવ્યા મુજબ, પોલીસકર્મીઓએ કોઈપણ પ્રકારની પૂછપરછ કર્યા વગર દિલીપને ડંડાથી બેરહેમીથી માર મારવાનું શરૂ કર્યું હતું.

પત્નીએ વધુમાં જણાવ્યું હતું કે દિલીપને અગાઉ માથામાં ગંભીર ઈજા થઈ હોવાથી તેનું ઓપરેશન પણ કરાયું હતું. તેમણે પોલીસને વિનંતી કરી હતી કે માથાના ભાગે માર ન મારશો, છતાં પોલીસકર્મીઓએ તેની વાત અવગણીને તેને ધક્કો મારી ધમકાવ્યો હતો. સતત મારપીટ અને પોલીસના ભયથી ગભરાઈ દિલીપ પોતાના ઘરની અગાસી પર ભાગી ગયો હતો. પોલીસ પાછળ હોવાના ડર અને માનસિક દબાણ હેઠળ તેણે ટેરેસ પરથી છલાંગ લગાવી દીધી હતી, જેના કારણે તેનું મોત નીપજ્યું હતું.

દિલીપ વસાવા ઝોમેટોમાં ડિલિવરી બોય તરીકે કામ કરતો હતો અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતો હતો. તેના મોતથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે, ખાસ કરીને તેના પાંચ વર્ષના પુત્ર પર તેનો ગંભીર પ્રભાવ પડ્યો છે. બુધવારે પરિવારજનો પોલીસ ભવન ખાતે એકત્રિત થઈ જવાબદાર ત્રણ પોલીસકર્મીઓને તાત્કાલિક સસ્પેન્ડ કરવાની માંગ સાથે વિરોધ નોંધાવ્યો હતો. પરિવારે ખોટી ફરિયાદ કરનાર વ્યક્તિ તેમજ કાયદો હાથમાં લેનાર પોલીસ સામે કડક કાર્યવાહી કરવાની માંગણી કરી છે.

# આરટીઓ કચેરીમાં સર્વર ખોટકાતા અરજદારો અટવાયા



(પ્રતિનિધિ) વડોદરા,તા.29

વડોદરાની આરટીઓ કચેરીમાં ફરી સર્વર ખોટકાવાની સમસ્યા સર્જાય હતી. જરૂરી કામકાજ અર્થે આવતા અરજદારોને વધુ એક વખત હાલાકી વેઠવાની ફરજ પડી હતી. બપોરના સુમારે અચાનક સર્વર ઠપ્પ થતા કલાક માટે કામગીરી ખોરવાઈ ગઈ હતી.

વડોદરાના દરજીપુરા આરટીઓ કચેરીમાં સર્વર ખોટકાવવાની સમસ્યા હવે આમ બની ગઈ હોય તેમ લાગી રહ્યું છે. મહિનામાં અનેક વખત ઈન્ટરનેટ બંધ રહેતા અરજદારો મુશ્કેલીમાં મુકાતા હોય છે. ત્યારે, બપોરના સુમારે ફરી એક વખત સર્વર ખોટકાયું હતું. દરજીપુરા આરટીઓ કચેરીમાં દરરોજ મોટી સંખ્યામાં અરજદારો લાયસન્સ સહિતના કામો માટે આવતા હોય છે. જોકે છાશવારે મુશ્કેલીમાં મુકાતા હોય છે. બપોરના સમયે અચાનક સર્વર ખોટકાતા આશરે એક કલાક સમય સુધી કામગીરી બંધ રહી હતી. જેના કારણે કામ અર્થે આવેલા અરજદારો આકરી ગરમીમાં હેરાન પરેશાન થયા હતા. મળતી માહિતી મુજબ બપોરના સવા એક કલાકની આસપાસ સર્વર ઠપ્પ થયું હતું અને બે વાગ્યા બાદ ફરી કાર્યરત થતા કામગીરી શરૂ કરવામાં આવી હતી. જોકે આટલા સમયગાળા દરમિયાન અરજદારો કંટાળ્યા હતા અને બળાપો કાઢ્યો હતો.

### ભરૂચના ઝાડેશ્વરમાં રહેતા બે રોકાણકારો ઠગાયા

# ઓનલાઈન રોકાણ કરવાની લાલચ આપી રૂ.25.75 લાખની છેતરપિંડી

**સયાજીગંજ** પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.29

ઈન્ટરનેશનલ માર્કેટમાં રોકાણ કરવાના નામે રોજના 2 ટકા દરે 100 દિવસ સુધી ગેરંટીવાળું વળતર આપવાની ખાતરી આપનાર મહિલાએ ભરૂચના બે વ્યક્તિઓ પાસેથી રૂપિયા 25.75 લાખ પડાવી ફરાર થઈ ગઈ હતી. સયાજીગંજ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ભરૂચના ઝાડેશ્વર વિસ્તારમાં આવેલ પુરુષોત્તમ પાર્ક સોસાયટીમાં રહેતા ભરતભાઈ પટેલ (ઉ.વ. 46) એ વડોદરાના સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં નોધાવેલી ફરિયાદ મુજબ ભરતભાઈ પાનોલીની ખાનગી કંપનીમાં મેન્ટેનન્સ વિભાગમાં ઓફિસર તરીકે ફરજ બજાવે છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર મિત્તલબેન મહેન્દ્રભાઈ પરમાર દ્વારા સંચાલિત 'રાધે એન્ટરપ્રાઈઝ' નામની કંપનીએ આકર્ષક રોકાણ યોજના બતાવી હતી. જેમાં લોકલ અને ઈન્ટરનેશનલ માર્કેટમાં રોકાણ કરીને રોજના 2 ટકા દરે 100 દિવસ સુધી ગેરંટીવાળું વળતર આપવાની વાત કરવામાં આવી હતી.

આ લાલચમાં આવી ભરતભાઈએ ટુકડે ટુકડે RTGS મારફતે રૂ. 13 લાખ ટ્રાન્સફર કર્યા હતા. જ્યારે તેમના મિત્ર રિતેષ પટેલે પણ રૂ. 12.75 લાખનું રોકાણ કર્યું હતું. આમ બંને મળીને રૂ. 25.75 લાખ આરોપીને ચૂકવ્યા હતા.

વિશ્વાસ જીતવા માટે આરોપી મહિલાએ એક્સિસ બેંકનો રૂ. 13 લાખનો ચેક સુરક્ષા તરીકે આપ્યો હતો અને બાદમાં વોટ્સએપ મારફતે સોગંદનામું પણ મોકલ્યું હતું. છતાં નિર્ધારિત સમયગાળો પૂર્ણ થયા બાદ કોઈપણ પ્રકારનું વળતર ચૂકવવામાં આવ્યું નહોતું.

પીડિતોએ અનેક વખત ફોન દ્વારા સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ કોઈ પ્રતિસાદ મળ્યો નહોતો. ત્યારબાદ તેઓ સયાજીગંજ વિસ્તારમાં આવેલી ઓફિસ તેમજ આજવા રોડ પર આવેલા રહેઠાણે પહોંચ્યા હતા, જ્યાં ઓફિસ બંધ મળી આવી હતી અને આરોપી મહિલા પણ ગાયબ હતી.

આખરે પીડિતોએ પોલીસનો સહારો લેતા સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં મિત્તલબેન મહેન્દ્રભાઈ પરમાર વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધાયો છે. પ્રાથમિક તપાસમાં એવું પણ સામે આવ્યું છે કે આરોપીએ અન્ય લોકો પાસેથી પણ સમાન રીતે નાણાં ઉઘરાવ્યા હોવાની શક્યતા છે. પોલીસે આ સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# વકીલના પિતાની હત્યા મામલે બાર એસો. આજે રજૂઆત કરશે

**કરજણમાં** હત્યાની તપાસ મંદગતિએ ચાલતી હોવાના આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા. તા.29

શહેર નજીકના કરજણ ખાતે વકીલ મંડળના સભ્યના પિતાની થયેલી હત્યાના કેસમાં પોલીસ તપાસ સામે ગંભીર સવાલો ઊભા થયા છે. યોગ્ય દિશામાં તપાસ ન થતી હોવાના આક્ષેપ સાથે વડોદરા વકીલ મંડળ આક્રમક બન્યું છે. મૃતકને ન્યાય અપાવવા તથા સમગ્ર ઘટનાની ન્યાયિક તપાસની માંગ સાથે તા.30 એપ્રિલે વકીલો કોઠી કચેરી સ્થિત જિલ્લા એસપી કચેરીએ રજૂઆત કરશે.

માહિતી મુજબ, કરજણમાં બનેલી આ કરુણ ઘટનાએ સમગ્ર વકીલ આલમમાં ભારે રોષ ફેલાવ્યો છે. પરિવારજનો તથા વકીલ મંડળના હોદ્દેદારોએ આક્ષેપ કર્યો છે કે પોલીસ દ્વારા કરવામાં આવી રહેલી તપાસમાં ગંભીર ખામીઓ છે અને ગુનેગારોને બચાવવાના પ્રયાસો થઈ રહ્યા હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. વડોદરા વકીલ મંડળના પ્રતિનિધિ નિમિશા ધોત્રેએ જણાવ્યું હતું કે આ ઘટના અત્યંત દુઃખદ અને ચિંતાજનક છે. શરૂઆતથી જ પોલીસની કામગીરી શંકાસ્પદ લાગી રહી છે. પીડિત પરિવારને ઝડપી ન્યાય મળે અને દોષિતોને કડક સજા થાય તે માટે મંડળ દ્વારા આ મુદ્દો ઉઠાવવામાં આવશે. સાથે જ સમગ્ર કેસની તટસ્થ અને ઊંડાણપૂર્વકની ન્યાયિક તપાસ કરવાની માંગ પણ કરવામાં આવી છે.

આવતીકાલે ગુરુવારે બપોરે વકીલ મંડળના સભ્યો એકત્રિત થઈ જિલ્લા પોલીસ વડાની કચેરીએ પહોંચશે. ત્યાં તેઓ આવેદનપત્ર આપી તપાસની ખામીઓ અંગે ઉચ્ચ અધિકારીઓને માહિતગાર કરશે અને ન્યાયિક તપાસ માટે ભારપૂર્વક રજૂઆત કરશે.

વકીલ મંડળના આ આક્રમક વલણને કારણે પોલીસ તંત્રમાં પણ દોડધામ મચી ગઈ છે. હવે પોલીસ તંત્ર આ મામલે શું પગલાં ભરે છે અને તપાસમાં શું ફેરફાર કરે છે તે રજૂઆત બાદ સ્પષ્ટ થશે.

### યુવકને નકલી દસ્તાવેજો- વેબસાઈટ અને બનાવટી ઈમેઇલ બતાવી વિશ્વાસ કેળવ્યો

# કેનેડા વર્ક પરમિટ વિઝાના બહાને યુવક સાથે રૂ.8.50 લાખની છેતરપિંડી

**ત્રણ** વર્ષે પણ વિઝાની પ્રોસેસ કરી ન હોય યુવકે રુપિયા પરત માંગતા એજન્ટ પિતા પુત્રે જાનથી મારી નાખવાની ધમકી આપી

(પ્રતિનિધિ) વડોદરા તા.29

વડોદરા જિલ્લાના આજોડ ગામે રહેતા યુવકને કેનેડા વર્ક પરમિટ વિઝા બનાવી આપવાના બહાને ઠગ એજન્ટ પિતા-પુત્રે રૂ.8.50 લાખની છેતરપિંડી કરી હોવાનો બનાવ સામે આવ્યો છે. આરોપીઓએ ખોટા દસ્તાવેજો અને નકલી માહિતી આપી ત્રણ વર્ષ સુધી યુવકને ભુલાવામાં રાખ્યો હતો. અંતે પૈસા પરત માંગતા યુવક તથા તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપતાં મામલો ગંભીર બન્યો છે.

મળતી માહિતી મુજબ, આજોડના રહેવાસી યશ ધવલભાઈ મહેતા પ્રાઈવેટ નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. વર્ષ 2023 દરમિયાન વિદેશ જવાની ઈચ્છા સાથે તેમણે મિત્ર મારફતે કશ્યપ જિજ્ઞાસુ પટવા સાથે સંપર્ક કર્યો હતો. કશ્યપે પોતાના પિતા જિજ્ઞાસુ પિયુષ પટવા, જે તિરુપતિ કન્સલ્ટન્સી ચલાવે છે, તેમના મારફતે કેનેડા વર્ક પરમિટ વિઝા મેળવી આપવાની ખાતરી આપી હતી.

વિશ્વાસમાં લઈને આરોપીઓએ યશ પાસેથી આધાર કાર્ડ, પાન કાર્ડ સહિતના જરૂરી દસ્તાવેજો મેળવી પ્રોસેસ શરૂ કરવાની વાત કરી હતી. ત્યારબાદ 6 જૂન 2023ના રોજ એડવાન્સ રૂપે રૂ.1.50 લાખ ચેક દ્વારા લેવામાં આવ્યા હતા. બાદમાં અલગ-અલગ તારીખે ચેક અને RTGS મારફતે કુલ રૂ.8.50 લાખ વસૂલ કરવામાં આવ્યા હતા. સાથે જ આઈએલટીએસ કોચિંગના નામે વધુ રૂ.50 હજાર પણ લેવામાં આવ્યા હતા.

આરોપીઓએ LMIA તથા વર્ક પરમિટ વિઝા ઝડપથી થઈ જશે તેવી ખાતરી આપી હતી. પરંતુ વારંવાર પૂછપરછ કરવા છતાં તેઓ ખોટા દસ્તાવેજો, નકલી વેબસાઈટ અને બનાવટી ઈમેઈલ બતાવી યુવકને ગેરમાર્ગે દોરતા રહ્યા હતા. ત્રણ વર્ષ સુધી માત્ર વચનો આપી સમય પસાર કરાયો હતો. યુવકને શંકા જતા તેણે જાતે તપાસ કરતા ખુલ્યું કે કોઈપણ વિઝા પ્રક્રિયા કરવામાં આવી નહોતી. પૈસા પરત માંગતા આરોપીઓએ તેને ઓફિસમાં બોલાવી ગોળમટોળ જવાબ આપ્યા અને અંતે રૂપિયા આપવાનો ઈન્કાર કર્યો હતો. વધુમાં, આરોપી જિજ્ઞાસુ પટવાએ ધમકી આપતા જણાવ્યું હતું કે તેની ઉપર સુધી પહોંચ છે અને કોઈ તેનો વાંધો નહીં કરી શકે. આ અંગે યશે છેતરપિંડી અને ધમકીની ફરિયાદ નોંધાવતા પોલીસે બંને આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસ શરૂ કરી છે.

### મૃતકોના પરિવારજનોને ભારે હાલાકી ભોગવવી પડી

# સયાજી હોસ્પિટલમાં કામગીરી ઠપ થતાં 5 મૃતદેહોના પોસ્ટ મોર્ટમ ગોત્રી કરાયા

(પ્રતિનિધિ) વડોદરા. તા.29

વડોદરા શહેરની સરકારી સયાજી હોસ્પિટલ ફરી એકવાર વહીવટી લાપરવાહીના કારણે વિવાદમાં આવી છે. હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમમાં રાખવામાં આવેલા એક વૃદ્ધાનો મૃતદેહ કોહવાયેલી હાલતમાં મળતા ભારે હોબાળો મચી ગયો હતો. આ ઘટનાને પગલે પોસ્ટમોર્ટમની કામગીરી ઠપ થઈ ગઈ હતી અને ફરજ પરના તબીબો તથા સ્ટાફ સામે ભારે આક્રોશ જોવા મળ્યો હતો. પરિસ્થિતિ એટલી વણસી હતી કે, અન્ય 5 થી વધુ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે તાત્કાલિક અસરથી ગોત્રી મેડિકલ કોલેજ હોસ્પિટલ ખાતે ખસેડવાની ફરજ પડી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, સયાજી હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમમાં મૃતક રંજનબેન વ્યાસનો મૃતદેહ રાખવામાં આવ્યો હતો. હોસ્પિટલના નિયમ મુજબ, મૃતદેહને સાચવવા માટે કોલ્ડ સ્ટોરેજ અથવા યોગ્ય વ્યવસ્થા હોવી અનિવાર્ય છે. જોકે, આ કિસ્સામાં મૃતદેહને યોગ્ય રીતે સાચવવામાં આવ્યો નહોતો, જેના કારણે ગરમીને લીધે મૃતદેહ કોહવાઈ ગયો હતો અને તેમાંથી દુર્ગંધ આવવા લાગી હતી. આજે સવારે જ્યારે સ્વજનો મૃતદેહ લેવા પહોંચ્યા ત્યારે આ સ્થિતિ જોઈ સૌ કોઈ ચોંકી ઉઠ્યા હતા. મૃતદેહની દુર્દશા જોઈ સ્વજનોએ હોસ્પિટલ તંત્ર સામે ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો.

આ ઘટના બાદ પોસ્ટમોર્ટમ રૂમમાં ભારે તણાવનું વાતાવરણ સર્જાયું હતું. મૃતદેહની દુર્દશા અને તેને લીધે ફેલાયેલી દુર્ગંધને કારણે પોસ્ટમોર્ટમ રૂમમાં કામ કરવું અશક્ય બની ગયું હતું. જેના પરિણામે, હોસ્પિટલ તંત્રએ તાત્કાલિક ધોરણે તમામ પોસ્ટમોર્ટમની કામગીરી સ્થગિત કરી દીધી હતી. હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે આવેલા અન્ય 5 કરતા વધુ મૃતદેહોના વાલી-વારસદારોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. અંતે, વહીવટી તંત્રએ આ તમામ મૃતદેહોને ગોત્રી હોસ્પિટલ ખાતે શિફ્ટ કરવાનો નિર્ણય લેવો પડ્યો હતો. જેના કારણે સ્વજનોને પણ કલાકો સુધી રઝળપાટ કરવો પડ્યો હતો.

આ ઘટનાએ ફરી એકવાર સયાજી હોસ્પિટલની મડદાઘર ની વ્યવસ્થા પર અનેક સવાલો ઉભા કર્યા છે. ઘટનાના પગલે હોસ્પિટલના ઉચ્ચ અધિકારીઓએ તપાસના આદેશ આપ્યા છે. પરંતુ આ ઘટનાએ માનવતાને શર્મસાર કરી દીધી છે.

# 19 વોર્ડમાંથી 1 માસમાં પાલિકાએ રૂ30.17 લાખ દંડની વસૂલાત કરી

**સ્વચ્છતા** અભિયાન હેઠળ દંડની કાર્યવાહી

(પ્રતિનિધિ) વડોદરા. તા.29

વડોદરા મહાનગરપાલિકાએ શહેરને સ્વચ્છ, સુંદર અને પર્યાવરણમૈત્રી બનાવવા માટે તા.1 એપ્રિલથી 28 એપ્રિલ દરમિયાન સઘન સ્વચ્છતા અભિયાન હાથ ધર્યું છે. શહેરના તમામ 19 વોર્ડમાં એકસાથે શરૂ થયેલી આ ઝુંબેશ દરમિયાન નિયમ ભંગ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. શહેરની સ્વચ્છતા જળવાઈ રહે તે માટે પાલિકાએ સક્રિય અભિગમ અપનાવી મુખ્ય માર્ગો, વ્યસ્ત બજારો અને સંવેદનશીલ વિસ્તારોમાં કુલ 42 નાઈટ ડ્રાઈવ યોજી હતી, જેમાં ખાસ કરીને રાત્રિના સમયે થતી ગેરરીતિઓને નિશાન બનાવવામાં આવી હતી.

આ સમગ્ર અભિયાન દરમિયાન ગંદકી ફેલાવવી, સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ, તેમજ અન્ય નિયમોના ઉલ્લંઘન બદલ કુલ 30.17 લાખનો દંડ વસૂલાયો છે. જેમાં ગંદકી બદલ 11.30 લાખ, પ્લાસ્ટિક ઉપયોગ બદલ 4.56 લાખ અને નાઈટ ડ્રાઈવ દરમિયાન 4.35 લાખનો સમાવેશ થાય છે. ખાસ નોંધનીય છે કે માત્ર 21 થી 28 એપ્રિલ દરમિયાન જ 7.47 લાખનો દંડ વસૂલાતા ઝુંબેશની અસરકારકતા સ્પષ્ટ થાય છે.

આ ઉપરાંત, શહેરમાં વધતા એર પોલ્યુશન અને બાંધકામ કચરાના પ્રશ્નને ધ્યાનમાં રાખી પાલિકાએ 183 બાંધકામ સાઈટ્સનું નિરીક્ષણ કર્યું હતું. જેમાંથી 137 સાઈટ્સ પર નિયમોનો ભંગ જોવા મળતા 67.57 લાખનો મસમોટો દંડ વસૂલાયો છે. પાલિકાએ હવે બાંધકામ સાઈટ્સ પર 'ગુડ કન્સ્ટ્રક્શન પ્રેક્ટિસ'નું પાલન ફરજિયાત બનાવ્યું છે અને વારંવાર ભંગ કરનારાઓ સામે વધુ કડક કાર્યવાહી કરવાની ચેતવણી આપી છે.

### 'બે મહિના'નો વાયદો 'ત્રણ મહિના'એ પણ અધૂરો


# પ્રિયલક્ષ્મી ગરનાળું નહીં ખુલતા રહીશોનો હલ્લાબોલ : આંદોલનની ચીમકી ઉચ્ચારી

**અધિકારીઓની** ધક્કાશાહીથી કંટાળેલા રહીશોની ચીમકી "હવે રસ્તો નહીં મળે તો ઉગ્ર વિરોધ થશે"

(પ્રતિનિધિ) વડોદરા તા.29

વડોદરા શહેરના પ્રિયલક્ષ્મી મિલ વિસ્તારમાં આવેલું ગરનાળું છેલ્લા બે મહિનાથી વધુ સમયથી બંધ હોવાથી સ્થાનિક રહીશો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. રેલવે તંત્ર દ્વારા બે મહિના માટે સમારકામના નામે ગરનાળું બંધ રાખવાની વાત કરવામાં આવી હતી, પરંતુ સમય મર્યાદા પૂરી થયા છતાં તેને ખુલ્લું મુકવામાં આવ્યું નથી. સમસ્યાના ઉકેલ માટે આજે મોટી સંખ્યામાં રહીશો એલએન્ડટી ઓફિસે રજૂઆત કરવા પહોંચ્યા હતા.

રહીશોના જણાવ્યા મુજબ, ગરનાળું બંધ હોવાથી શાકભાજી અને ફળોની લારીઓ વિસ્તારમાં આવી શકતી નથી. લોકો રોજિંદી જરૂરિયાત માટે લાંબો ફેરો કરવા મજબૂર બન્યા છે. ખાસ કરીને વડીલો અને શાળાએ જતા બાળકો માટે પરિસ્થિતિ વધુ કઠિન બની છે. ગરનાળું બંધ હોવાથી



લોકો રેલવે ટ્રેક ઓળંગીને અથવા પંડ્યા બ્રિજ મારફતે લાંબા માર્ગથી અવરજવર કરી રહ્યા છે, જે જોખમી અને સમયખાઉ છે. રહીશોએ આક્ષેપ કર્યો કે રજૂઆત કરવા જતાં અધિકારીઓ એક ઓફિસથી બીજી ઓફિસમાં ધક્કા ખવડાવે છે. "બે મહિનામાં કામ પૂરું થશે એવું કહ્યું હતું, પરંતુ હવે ત્રણ મહિના થવા આવ્યા છતાં સ્થિતિ યથાવત છે. જો વહેલી તકે ઉકેલ નહીં આવે તો અમે આંદોલન કરશું," તેમ રહીશોએ ચેતવણી આપી હતી. મહિલાઓએ જણાવ્યું કે મોંઘવારીના સમયમાં લાંબો ફેરો કરવા માટે વધારાનું ભાડું ખર્ચવું મુશ્કેલ છે. ચોમાસું નજીક આવતાં પાણી ભરાવાની ભીતિ પણ ઊભી થઈ છે. તેથી સ્થાનિકોએ તાત્કાલિક ગરનાળું કાર્યરત કરવાની માંગ કરી છે.